મહત્તમ : ૩૯.૦ ડીગ્રી
લઘુતમ : ૧૮.૪ ડીગ્રી
ભેજ
સવારે ૫૮ ટકા ● સાંજે ૩૦ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરના રેસ્ટોરેન્ટને 'કોરોના' ગ્રહણ

નવા-જુના ગાંધીનગરની જાણીતી રેસ્ટોરેન્ટમાં ગ્રાહકોમાં સતત નોંધપાત્ર ઘટાડો

ગાંધીનગર, તા.૧૯

વિશ્વભરમાં કોરોનાએ દહેશત મચાવી છે ત્યારે કોરોના વાયરસના ભય સામે શહેરમાં તમામ પ્રકારના સાવચેતીના પગલા લેવામાં આવી રહ્યા છે. હાલ ચાલી રહેલા વિધાનસભાના સત્રને ધ્યાને લઈને નાનામાં નાની દુકાનમાં પણ સેનીટાઈઝેશનની વ્યવસ્થા કરવામાં આવી છે. શાળા કોલેજો અને થિએટર બંધ છે પરંતુ શહેરના મોલ, શોપિંગમાં આવેલ નાની-મોટી દુકાનો સાથે શહેરના રેસ્ટોરેન્ટ ખુલ્લા છે. રેસ્ટોરેન્ટમાં સેનિટાઈઝેશનની વ્યવસ્થા સાથે સંપૂર્ણ સ્વચ્છતા રાખવામાં આવી રહી છે પરંતુ રેસ્ટોરન્ટ ધારકોના જણાવ્યા અનુસાર કોરોનાના ભયને લીધે પહેલા જેટલી ઘરાકી હાલના દિવસોમાં નથી.

શહેરમાં હાલના દિવસો ધંધાદારીઓ માટે કપરી સ્થિતિવાળા જણાઈ રહ્યા છે. દુધ-છાશ કરિયાણાની ચીજવસ્તુઓ ખરીદવા સિવાય લગભગ શહેરીજનો બહારની દરેક વસ્તુઓને આરોગવા સાથે સ્પર્શવાનું પણ ટાળી રહ્યા છે ત્યારે શહેરના તમામ રેસ્ટોરન્ટ ધારકોના કપરા હાલ છે. જયાં ગ્રાહકો, વેઈટીંગમાં ઉભા રહીને જમવા માટે રાહ જોતા ત્યાં

આજે ગ્રાહકોની ખોટ વર્તાઈ રહી છે. ન્યુ ગાંધીનગર વિસ્તાર કુડાસણ અને સરગાસણ વિસ્તારના રેસ્ટોરેન્ટધારકોના જણાવ્યા અનુસાર રેસ્ટોરેન્ટની ઘરાકીમાં ૪૦ થી ૫૦ ટકા ઘટાડો જણાઈ રહ્યો છે. ફુરાત રેસ્ટોરન્ટ ધારકના કહ્યા અનુસાર કોરોનાને લીધ મારે ત્યાં પહેલા કરતાં ૪૦ થી ૫૦ ટકા જેટલા ગ્રાહકોની આવન ઓછી થઈ છે અને રેસ્ટોરન્ટમાં આવનારમાં યંગસ્ટર્સ વધુ આવી રહ્યા છે. સોવરીના રેસ્ટોરેન્ટ ધારકનું કહેવું છે કે કોરોનાને પગલે ઘરાકી તો ઓછી થઈ છે. વેજીટેરીયન રેસ્ટોરન્ટ છે એટલે થોડી ઘરાકી છે બાકી આ પણ ન હોત. ટવીન બ્રધર્સ પીત્ઝા રેસ્ટોરેન્ટ ધારક કહે છે કે અમારે ત્યાં સેનિટાઈઝેશન વ્યવસ્થા તો છે જ સાથે અમારા વર્કસ પણ માસ્કનો ઉપયોગ કરી રહ્યા છે. પરંતુ શહેરીજનો કોરોનાના ડરને લીધે ઘરની બહાર નીકળતા જ નથી તેમ લાગી રહ્યું છે. દરરોજની ઘરાકી કરતાં ૫૦ ટકા જેટલી ઘરાકીમાં ઘટાડો થઈ ગયો છે. રાધે થાળ સરગાસણના રેસ્ટોરન્ટ ધારકના જણાવ્યા અનુસાર આમ તો અમારે ત્યાં શ્રીનાથજી ગ્રાહકોની ઘરાકી હોય છે પરંતુ હવે કોરોનાને લીધે આવન-જાવન ઓછી થવાથી ગ્રાહકો ઓછા આવી રહ્યા છે. ઓફિસ આવતા યુવાનોની ઘરાકી હાલ છે. આમ, શહેરના લગભગ દરેક રેસ્ટોરન્ટમાં ગ્રાહકો ન આવવાથી નુકશાન થઈ રહ્યું છે. હાલના દિવસોમાં શહેરીજનો ઘરે રહીને સાત્વિક જમણ પસંદ કરી રહ્યા છે અને કામ વગર ઘરની બહાર જવાનું પણ ટાળી રહ્યા છે. જો કે રેસ્ટોરેન્ટ ધારકો પણ રેસ્ટોરન્ટમાં તથા આજુબાજુ સ્વચ્છતા રહે તેનું ધ્યાન રાખી રહ્યા છે. સાથે સાથે રેસ્ટોરન્ટમાં કામ કરતા તમામના હાથમાં ગ્લવ્ઝ મોઢે માસ્ક તથા માથે ટોપી રહે જ છે. પરંતુ હવે શહેરીજનોમાં કોરોનાનો ભય એટલો વ્યાપી ગયો છે કે તેઓ હોમ કૂકડ ફૂડ વધુ પસંદ કરી રહ્યા છે.

હવે દુકાનો 'બંધ'ની અફવા

અફવાઓનું બજાર ગરમ જરૂરી ચીજવસ્તુઓની મોટા સ્ટોકમાં ખરીદી : કોરોના ઈફેકટથી શહેરનું જનજીવન વિશેષ પ્રભાવિત : કરિયાણાના વેપારીઓ પણ મોટા સ્ટોકમાં માલ પધરાવી દે છે

ગાંધીનગર, તા.૧૯

કોરોનાના કહેરથી સમગ્ર વિશ્વ પ્રભાવિત છે. ભારતમાં પણ કોરોનાએ હાહાકાર મચાવ્યો છે. કોરોનાને ફેલાતો અટકાવવા સાવચેતી અત્યંત અનિવાર્ય છે ત્યારે સરકારે પણ આમ નાગરિકોને ભયભીત થયા વિના સતર્કતા દાખવવા જણાવ્યું છે. બીજી તરફ કોરોના ઈફેકટને અટકાવવા શાળા કોલેજો, સિનેમાઘર, કલબ તથા ટ્રેન પણ બંધ કરી દેવાઈ છે. નાગરિકોને ટોળે ન વળવા પણ સુચન કરવામાં આવ્યા છે. કોરોનાના લીધે ગાંધીનગર શહેરના જનજીવન ઉપર પણ વિશેષ અસર વર્તાઈ રહી છે. શહેરીજનો પણ કોરોના ઈફેકટથી ચિંતામાં મુકાયા છે. આવા સંજોગોમાં આવનારા દિવસોમાં દુકાનોને પણ તાળા લાગી જશે તેવી અફવા અને અટકળો પણ વહેતી થઈ છે. આ સ્થિતિ વચ્ચે શહેરના શોપિંગ બજારમાં ખાસ કરીને કરિયાણાની ચીજવસ્તુઓની મોટા સ્ટોકમાં ખરીદી થઈ રહી છે. કેટલાક કિસ્સામાં તો વેપારીઓ જ દુકાન બંધ રહેવાની હોવાનું જણાવી ગ્રાહકને જરૂર કરતા વધુ ચીજવસ્તુઓ પધરાવી દે છે. આવનારા દિવસોમાં બજાર પણ બંધ રહેવાનું હોવાની મજબુત માન્યતા સાથે નાગરિકો પણ મોટા પ્રમાણમાં જીવનજરૂરી ચીજવસ્તુઓ ખરીદતા નજરે ચડે છે. કોરોનાને પગલે સંપૂર્ણ દેશમાં આ બાબત જોવા મળી રહી છે. મુંબઈ અને દિલ્હી જેવા શહેરોમાં એક પછી એક એમ વારાફરતી કરિયાણાની દુકાનોને ખુલ્લી રાખવામાં આવે છે જયારે વિદેશમાં તો વહેલી સવારે ચોરીછુપીથી ઘરની બહાર નીકળી નાગરિકો ચીજવસ્તુ ખરીદવા બહાર નીકળી રહ્યા છે. હાલના દિવસોમાં તો ગાંધીનગરવાસીઓ આ એક વસ્તુ લેવા જાય છે ને વધારાની બીજા ચાર વસ્તુ ઘરે લઈને આવી રહ્યો છે. ખરીદતા ખરીદતા બોલતો સંભળાય છે કે કોરાનાને લીધે કંઈ નહીં મળે તો? જે ચીજવસ્તુ જોઈએ તે એક નહી બે ત્રણ લઈ જ લઈએ જેનાથી આવનાર દિવસોમાં શટડાઉન થાય તો ય તકલીફ ન પડે.

ઉનાળામાં પાણીનો શોષ ખૂબ પડે છે. વારંવાર પાણી પીવાની જરૂરીયાત ઉભી થાય છે. પાણીનું પ્રમાણ પુષ્કળ હોય તેવા ફળો તડબુચ અને સકકરટેટીનું બજારમાં આગમન થયું છે. જેની મોટા પ્રમાણમાં ખરીદી થઈ રહી છે.

આજે વિશ્વ ચકલી દિવસ. સંસ્કાર ગૃપના બાળકો દ્વારા ચકલી દિવસને અનુલક્ષીને તા. ૧૫ માર્ચના રોજ ચકલીના વિશે જાણકારી મેળવી ચિત્ર દોરવામાં આવ્યા હતા. આ ઉપરાંત માણસ સાથે રહેનારું નાનું પક્ષી ચકલી જે હાલ અદૃશ્ય થઈ રહ્યું છે તેનું અસ્તિત્વ બચાવવા માટેના રસ્તાની સંસ્થાના તુષારભાઈ દવે દ્વારા બાળકો સાથે ચર્ચા કરવામાં આવી હતી.

વેબસાઈટ પર સુંદર યુવતિઓના ફોટા બતાવી યુવકો પાસેથી રૂપીયા ખંખેરતી ગેંગ ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના ન્યુ કુડાસણ વિસ્તારમાં ભાડાનું મકાન રાખી સુરવીન સાનિયા નામની વેબસાઈટ ચલાવીને યુવકો સાથે છેંતરપિંડી આચરતી ટોળકીને ઈન્ફોસીટી પોલીસે પકડી પાડી છે. પોલીસે યુવતિ સહિત બેને પકડી પાડ્યા છે અને પકડાયેલા બે સહિત ત્રણ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર કુડાસણ ખાતે છેલ્લા ત્રણ મહિનામાં ગાંધીનગર શહેરી વિસ્તાર અને આસપાસના વિસ્તારમાંથી ૫૦ નાગરીકો પાસેથી અંદાજીત ૨ લાખથી વધુ રૂપીયા પડાવી લીધા છે. ઈન્ફોસીટી પીઆઈ એસ.જે. રાજપૂતના માર્ગદર્શન હેઠળ તેમની ટીમ નાઈટ પેટ્રોલીંગમા હતા તે સમયે આ સમગ્ર રેકેટ અંગે બાતમી મળી હતી. જેને પગલે પોલીસે રાંદેસણ વિસ્તારમાં સ્થિત પ્રમુખ રેસીડન્સી ખાતે મકાન નં.૯૩ ખાતે રેઈડ પાડી હતી. આ દરમિયાન પેઈગ ગેસ્ટ તરીકે રહેતા એખલાકખાન મુર્તઝાખાન પઠાણ (મંડળો બજાર, ઝારખંડ), સુપ્રિયા સુરેન્દ્રકુમાર રામચંદ્ર પાંડે ઝડપાયા હતા. તેઓની પાસેથી ૭ મોબાઈલ મળી આવ્યા હતા. જયારે મોબાઈલના ઉપયોગથી સાઈટ પર આવતા યુવાનોનો સંપર્ક કરીને સુંદર યુવતિઓના ફોટા મોકલાવતા હતા. ત્યારબાદ ગુગલ પે, પેટીએમ, ફોન પે, બેંક એકાઉન્ટમાં પૈસા પણ ટ્રાન્સફર કરાવી લેતા હતા. પોલીસે પકડી પાડેલા આરોપીઓ કમલ ઉર્ફે કિશોર વાઘનાની નામના શખ્સ માટે આ ગેંગ કામ કરતી હોવાનું પણ સામે આવ્યું છે. પોલીસે આ ત્રણેય આરોપી સામે ગુનો નોંધી ગેંગના મુખ્ય સુત્રધાર કમલેશને દબોચવા તપાસનો દોર શરુ કર્યો છે.

પ્રાથમિક શાળાઓમાં વિદ્યાભ્યાસ મેળવી રહેલા બાળકોને તુલસી, અરડૂસી, સરગવો, નગળો, પાનફૂટી, ફૂદીના સહિતની અનેકવિધ ઔષધિય વનસ્પતિઓ વિશેની સાચી ઓળખ અને ઉપયોગીતાની જાણકારી મળે તેવા સુહેતુથી ગુજરાત રાજય ઔષધિય વનસ્પતિ બોર્ડ, ગાંધીનગર દ્વારા પસંદગી પામલા રીસોર્સ પર્સનથી વિસ્તૃત જાણકારી અપાય છે. અમદાવાદ જિલ્લામાં યોજાઈ રહેલા આવા શાળા જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત રાજય યુથ એવોર્ડ વજેતા શ્રીહેરિક ડી. ઉપાધ્યાય દ્વારા પ્રાથમિક સ્કુલોના બાળકોને વિસ્તૃત જાણકારી અને નોટબુકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સોહાર્દ ગૃપ 'વિશ્વ ચકલી દિવસ' નિમિત્તે ચકલીઘરનું વિતરણ કરશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિ ક્ષેત્રે કાર્યરત સોહાર્દ ગૃપ દ્વારા તા.૨૦મી માર્ચ 'વિશ્વ ચકલી દિવસ'ને અનુલક્ષીને આશરે ૫૦૦ જેટલાં કાગળના પૂંઠાના ચકલીઘરનું વિતરણ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ચકલીઘર મેળવવા માટે સંસ્થાના સભ્યો જીજ્ઞેશ જાદવનો મો.નં. ૯૨૨૮૪૧૧૪૮૭ અથવા વિવેક પરમારનો મો.નં. ૯૮૯૮૮૨૫૬૨૧ પર સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

સોહાર્દ ગૃપના જીજ્ઞેશ જાદવે જણાવ્યું છે કે ગાંધીનગરના સેકટર-૧૬માં પાટનગર યોજના ભવન સામે વર્ષોથી બટાકાપૌંવાની લારી ચલાવતા રાજુભાઈ મકવાણા જેઓ છેલ્લા દસેક વર્ષથી પોતાની રોજીમાંથી અમુક રકમ ચકલીઘર વિતરણના ઉમદા કાર્ય માટે રાખી દર વર્ષે તા. ૨૦મી માર્ચે વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ચકલીઘરનું વિતરણ કરે છે. તેમનાથી પ્રેરિત થઈને સોહાર્દ ગૃપ દ્વારા પણ આ વર્ષે અંદાજે ૫૦૦ જેટલાં કાગળના પૂંઠાના બનેલા ચકલીઘરનું વિતરણ કરવાનો નિર્ણય લીધો છે.

ત્રિદલ ગાંધી મિત્ર વર્તુળની માર્ચ માસની બેઠક ૨૬

ગાંધીનગર, તા.૧૯

કોરોના વાયરસની ગંભીર પરિસ્થિતિને ધ્યાને લેતા દર માસે ચોથા રવિવારે મળતી ત્રિદલ સંસ્થાની માસિક બેઠક તથા ગાંધી મિત્ર વર્તુળની બેઠક આ મહિનામાં મળશે નહિ જેની નોંધ લેવા ભાનુપ્રસાદ પુરાણી દ્વારા જણાવાયું છે.

સેકટર-૨૮માંથી અલ્ટો કારની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરમાં વાહનચોરીના બનાવોમાં દિવસે ને દિવસે વધારો થતો જોવા મળી રહ્યો છે. આંતરે દિવસે સેકટરમાંથી દ્રિચક્રી કે ચાર પૈંડાવાળુ વાહન ચોરાય છે. પોલીસ પેટ્રોલીંગ વચ્ચે પણ ચોર ઈસમો બેફામ અને બેખોફ બન્યા છે. ત્યારે સેકટર-૨૮ રાધા એપાર્ટમેન્ટની સામે રહેલી ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલી અલ્ટો કારની ચોરી થવા પામી છે.

મળતી વિગત મુજબ સેકટર-૨૮ પ્લોટ નં.૧-૨ તીર્થ એપાર્ટમેન્ટ ખાતે રહેતા રશ્મીન ચંપકલાલ મુનશી જીઈબી ખાતે છેલ્લા ૮ વર્ષથી ડે.ચીફ એકાઉન્ટ ઓફિસર તરીકે ફરજ બજાવે છે. તેઓ ઓફિસ આવવા જવા માટે તેમજ ઘરના ઉપયોગ માટે અલ્ટો કાર નં. જી.જે.૦૧.એચ.એલ.-૨૦૫૨નો ઉપયોગ કરતા હતા. ગત તા.૧૫ માર્ચના રોજ તેઓ પરિવાર સાથે બહાર ગયા હતા. રાત્રીના સાડાદશ વાગ્યાના અરસામાં રાધા એપાર્ટમેન્ટ પાસે ખુલ્લી જગ્યામાં કાર પાર્ક કરી હતી. ત્યારબાદ સવારે ઉઠીને જોયું તો ઘર પાસે પાર્ક કરેલી કાર ગાયબ હતી. કાર માલિકે આસપાસના વિસ્તારમાં તપાસ કરી હતી.પરંતુ મળી ન આવતા આખરે ૫૦ હજારની કિંમતની કાર અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે કાર ને શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

કોરોનાના સંક્રમણથી બચવા શહેરમાં 'ઈ-લર્નિંગ'નો વધતો ટ્રેન્ડ...!!

સ્માર્ટફોનથી સંતાનોને દૂર રાખવા માંગતા વાલીઓએ પણ નાછુટકે બાળકોને મોબાઈલ આપવા પડે તેવી સ્થિતિ સર્જાઈ રહી છે

ગાંધીનગર, તા.૧૯

કોરોના... કોરોના.... કોરોના...આ શબ્દ અત્યારે સૌથી વધુ લખાતો, બોલાતો અને સંભળાતો શબ્દ બની ગયો છે. કોરોના વાઈરસને પગલે શહેરમાં ચિંતાનો માહોલ પણ પ્રવર્તી રહ્યો છે. રાજય સરકાર દ્વારા નોવેલ કોરોના કોવિદ-૧૯ના સંક્રમણની ભીતિને પગલે તમામ શાળા-કોલેજોમાં રજાઓ જાહેર કરી દેવામાં આવી છે. અત્યારે માર્ચ એપ્રિલમાં પરીક્ષાઓનો સમયગાળો હોયછે ત્યારે શાળા-કોલેજોમાં રજાઓ પડી જતા વિદ્યાર્થીઓના અભ્યાસને હાનિ પહોંચે તેવી સ્થિતિ સર્જાવા પામી છે તે સ્થિતિમાં રાજયના મુખ્યમંત્રીએ ટીવી ચેનલ થકી શિક્ષણ આપવાનો વિકલ્પ પણ અજમાવ્યો છે. બીજી તરફ શહેરમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ, ખાનગી એજયુકેશન કલાસીસ દ્વારા પણ 'ઈ-લર્નિંગ'નો વિકલ્પ અપનાવવામાં આવી રહ્યો છે. જેના પગલે 'ડિઝટલાઈઝેશન'ને પણ વેગ મળતો જોવામાં આવી રહ્યો છે. અને ના છુટકે બાળકોને સ્માર્ટ ફોન આપવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.



ગાંધીનગરમાં સ્વામિનારાયણ ઈન્સ્ટિટયુટ, શ્રી જયરામભાઈ પટેલ ઈન્સ્ટિટયુટ વગેરે જેવી સંસ્થાઓ દ્વારા ગુગલ-લર્નિંગ અથવા ઈ-લર્નિંગનો વિકલ્પ અપનાવાઈ રહ્યો છે. યુવા વર્ગ તો ઠીક પરંતુ શાળાના બાળકો માટે પણ શહેરના ખાનગી ટયુશન સંચાલકો દ્વારા પણ વ્હોટસએપ જેવા સોશ્યલ મિડીયાના પ્લેટફોર્મનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને ઘરે બેઠાં લેસન કે પ્રેકટિસ માટે પ્રશ્નપેપર આપવાનો પ્રયોગ કરવામાં આવી રહ્યો છે. કોરોના વાઈરસને સંબંધિત સમાચારો માધ્યમોમાં એટલા બધા પ્રસારિત થઈ રહ્યા છે જેને પગલે શહેરના વાલીઓમાં પણ પોતાના સંતાનોને ટયુશન કલાસમાં કે કોચીંગ કલાસમાં મોકલવામાં ખચકાટ થઈ રહ્યો છે. આ સ્થિતિમાં જયારે કલાસીસ સંચાલકો દ્વારા સામેથી સોશ્યલ મિડીયા થકી ઘરે બેઠાં અભ્યાસ થઈ શકે તેવો વિકલ્પ પુરો પાડવામાં આવતા મોટાભાગના વાલીઓને તે વધુ પસંદ આવી રહ્યો છે. હવે તો સરકાર દ્વારા તમામ પ્રકારના જાહેર મેળાવડા ઉપરાંત જયાં પણ સામુહિક રીતે નાગરિકોનું એકત્રિકરણ થતું હોય તેવા સ્થળો જેવા કે સ્વીમીંગ પુલ, રીક્રિએશન કલબ, પાર્ટી પ્લોટ, ઓડિટોરિયમ, વોટર પાર્ક, એમ્યુઝમેન્ટ પાર્ક, લગ્નવાડીઓ, ગેમઝોન વગેરે તાત્કાલિક અસરથી બંધ કરવા પગલાં લેવામાં આવી રહ્યા છે. ધાર્મિક સ્થળોએથી પણ આ પ્રકારના નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. આ સ્થિતિમાં 'ડિસ્ટન્સ સોશ્યાલાઈઝેશન' નો વિકલ્પ શહેરના શૈક્ષણિક આલમમાં પણ અપનાવાતો જોવામાં આવી રહ્યો છે. બીજી તરફ પોતાના સંતાનને સ્માર્ટફોનથી દૂર રાખવા માંગતા વાલીઓએ પણ હવે ના છૂટકે બાળકોને મોબાઈલ આપવો પડે તેવી સ્થિતિ સર્જાવા પામી છે.

સે-૪-બી હનુમાન મંદિરમાં દર્શન જાળીમાંથી કરી શકાશે

ગાંધીનગર, તા.૧૯

કોરોના વાયરસની પરિસ્થિતિને અનુલક્ષીને સંકટ મોચન હનુમાનજી તથા શનિ મંદિર સે-૪માં દર્શન કરવા આવતા ભકતો તા. ૨૧ માર્ચથી તા. ૨૮ માર્ચ સુધી દરરોજ દાદાના દર્શન જાળીમાંથી કરી શકશે. આ ઉપરાંત પ્રસાદી ધરાવવામાં આવશે નહિ તેમ મંદિરના વ્યવસ્થાપકો દ્વારા જણાવાયું છે.

હવે 'માતૃભાષા ગૌરવ' યુ-ટયુબ પ્રકલ્પ પર ઉપલબ્ધ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન દ્વારા ભાષા સજ્જતા, ભાષા સંરક્ષણ અને ભાષા સંવર્ધનના ત્રિવિધ આયામો ઉપર કામ કરવામાં આવે છે. આ અંતર્ગત સંસ્થાના યુ ટયુબ પ્રકલ્પમાં માતૃભાષા વિશે માહિતી મુકવામાં આવશે જેના થકી માતૃભાષાના સેવાયજ્ઞમાં યોગદાન આપી શકાશે. માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાનના યુ ટયુબ પ્રકલ્પના વીડિયો નિહાળી તેમજ અન્યોને પણ આ વીડિયો જોવા પ્રેરિત કરી ચેનલને સબસ્ક્રાઈબ કરવા સાથે વધુમાં વધુ શે'ર કરવા સંસ્થાના યુ-ટયુબ પ્રકલ્પ સંયોજક અજય રાવલ દ્વારા અનુરોધ કરવામાં આવી રહ્યો છે. આ પ્રકલ્પ થકી માતૃભાષાનું ગૌરવ પ્રતિષ્ઠાન પરિચય, માતૃભાષા શું છે, માતૃભાષા ગૌરવ તેમજ માતૃભાષાની ઉપેક્ષાનું કારણ જેવી માહિતી ઓનલાઈન વીડિયો થકી મેળવી શકાશે.

સેકટર-૭ ડી ખાતે એકસેસની ચોરી

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૧ ખાતે શ્રીજી એમ્પોરીયમ નામની કપડાની દુકાન ધરાવતા ૫૦ વર્ષિય કેતન વિનોદચંદ્ર ઠક્કર સેકટર-૭ ડી પ્લોટ નં.૧૨૦૭-૨ ખાતે ચૌધરી સ્કુલની સામે રહે છે. તેઓ ગત તા. ૬ માર્ચના રોજ ઘરની અંદર રાત્રીના પોણા બાર વાગ્યાના અરસામાં એકસેસ નં. જી.જે.૧૮.સી.ક્યુ-૨૦૮૫ પાર્ક કર્યું હતું. જયારે સવારે ૬ વાગે ઘરના સભ્યોએ ઉઠીને જોયુ તો ઘરની અંદર રહેલુ એકસેસ ગાયબ હતું. જેથી આસપાસના વિસ્તારમાં તપાસ કરી પરંતુ મળી ન આવતા આખરે સેકટર-૭ પોલીસે રૂ.૨૦ હજારના એસસેસ ચોરી અંગે ગુનો નોંધી ચોર ઈસમોને પકડી પાડવા માટે તજવીજ શરુ કરી છે.

અમદાવાદ વણકર સેવા સમાજ દ્વારા જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા.૧૯

અમદાવાદ વણકર સેવા સમાજ દ્વારા અગિયારમો જીવનસાથી પસંદગી મેળો યોજાનાર છે. જ્ઞાતિના તમામ ગોળ/પરગણાના યુવક યુવતીઓને તેમના જીવનધોરણ, જીવનશૈલી અને શૈક્ષણિક લાયકાતને અનુરુપ જીવનસાથી મળી રહે તે આશયથી આ જીવનસાથી પસંદગી મેળો યોજાનાર છે. આ મેળામાં ઉમરનો કોઈ બાધ રાખવામાં આવ્યો નથી. લગ્ન/પુનઃલગ્ન/શારિરીક અપંગતા ધરાવતા તથા વિધવા-વિધુર પણ પોતાની ઉમેદવારી નોંધાવી શકે છે. સમાજના ગાંધીનગર સ્થિત યુવક યુવતીઓને આ પસંદગી મેળામાં ભાગ લેવા ઈચ્છતા હોય તો તેમને દશરથલાલ એમ. પરમાર મો. ૯૫૭૯૧૨૨૦૨૩નો સંપર્ક કરી તા. ૨૫ માર્ચ સુધીમાં ૩૦૦ રૂપિયા ફી સાથે ફોર્મ ભરીને જમા કરાવવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

ચિરવિદાય

- સ્વ. નેનીબા પોપટજી બિહોલા, ઉ.વ. ૭૭
- સ્વ. અંબાબેન મગનલાલ પટેલ, ઉ.વ. ૮૩
- સ્વ. ડાભી બજુબા હમીરજી, ઉ.વ. ૯૫
- સ્વ. લલીતાબેન લાલજીભાઈ વારા, ઉ.વ. ૮૦
- સ્વ. દરજી અમૃતલાલ સાંકળચંદ, ઉ.વ. ૭૩
- સ્વ. દરજી હર્ષિલ કનૈયાલાલ, ઉ.વ. ૨૦